NEED 24 NEWS
DIGITAL E-PAPER
हर खबर, हर शहर
PRGI APPLICATION UNDER PROCESS
Application No. T/GJ/2026/0619/2304/1577
GST
GSTIN 24CINPG0564Q1ZT
UDYAM REGISTERED UDYAM-GJ-14-0003714
www.need24.digital
info@need24.in
+91 98700 06472
FOLLOW US:
तेज़ | सटीक | निष्पक्ष | जनहित में | सच की आवाज़ | जन-जन की आवाज़ | निडर पत्रकारिता

| EDITION | DATE | VOLUME | ISSUE | PUBLISHING CITY |
|---|---|---|---|---|
| GUJARAT | 11 August 2026 | 01 | 223 | GANDHINAGAR, GUJARAT |


# સાવરકુંડલાના જુના સાવર અને આંબરડી મુકામે રાજ્ય આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે નવનિર્મિત અધતન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ




સાવરકુંડલાના જુના સાવર અને આંબરડી મુકામે રાજ્ય આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે નવનિર્મિત અધતન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ 000000 રાજ્ય સરકારના સતત પ્રયત્નો થકી છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સુવિધાઓનું માળખું મજબૂત બન્યુ -આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા 000000 સાવરકુડલાના કુલ 30 ગામના 50 હજારથી વધુ નાગરિકોને ઉત્તમ આરોગ્ય સેવાઓનો લાભ મળશે 000000 મમતા ક્લિનિક, લેબોરેટરી, પ્રિ-ઓપરેશન રૂમ, માઇનર ઓટી રૂમ સહિતની સુવિધાઓ નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ઉપલબ્ધ 000000 રાજ્ય આરોગ્ય મંત્રીશ્રીએ સાવરકુંડલા સ્થિત સ્થાનિક અધતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની વિશેષ મુલાકાત લીધી 000000 સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દક્ષાબેન ચોડવડીયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ 000000 અમરેલી તા. 07 ઓગસ્ટ,2026 – આજરોજ રાજ્ય સરકારના રાજ્ય આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે સાવરકુંડલાના જુના સાવર અને આંબરડી મુકામે નવનિર્મિત અધતન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દક્ષાબેન ચોડવડીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યુ કે, રાજ્ય સરકારના સતત પ્રયત્નો થકી છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સુવિધાઓનું માળખું મજબૂત બન્યુ છે. રાજ્ય સરકાર દરેક ગામડાના પ્રશ્નો સાભળીને તેનું નિરાકરણ લાવવા કટિબદ્ધ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, સમાજમાં અને લોકોમાં પરસ્પર પ્રેમ,કરુણા, દયાની ત્રિવેણી પવિત્ર ભાવનાઓ થકી જ સમાજને વધુ સશક્ત બનાવી શકાય છે અને વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરી શકાય છે. ઉલ્લેખનીય છે કે, જુના સાવર અને આંબરડી મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ષો જુની માંગ પૂર્ણ થતા ગ્રામજનોમાં હર્ષની લાગણી વ્યાપી હતી. સુવિધાસંપન્ન બંને અધતન ઓરોગ્ય કેન્દ્ર ખાતે મેલ-ફિમેલ વોર્ડ, માઇનરી ઓટી રૂમ, ડ્રેસિંગ અને ઇન્જેક્શન રૂમ, વિકલાંગ તેમજ મેલ-ફિમેલ ટોઇલેટ બ્લોક, લેબોરેટરી, કોલ્ડ ચેઈન રૂમ, મમતા ક્લિનિક, પ્રિ-ઓપરેશન રૂમ, ઓફિસ કમ સ્ટોર રૂમ, દવા વિતરણ રૂમ, પી.એમ.રૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. આ બંને આરોગ્ય કેન્દ્રનું નિર્માણ અંદાજિત રૂ. 2.60 કરોડના (રૂ.1.30 કરોડ પ્રતિ આરોગ્ય કેન્દ્રનો ખર્ચ) ખર્ચે કરવામાં આવ્યુ છે. સુવિધાસંપન્ન નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નિર્માણ થતા સ્થાનિક નાગરિકોને ઘર આંગણે જ ઉત્તમ આરોગ્ય સેવાઓનો લાભ મળશે. વિશેષ ઉલ્લેખનીય છે કે, રાજ્ય આરોગ્ય મંત્રીશ્રીએ સાવરકુંડલા સ્થિત સ્થાનિક અધતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની મુલાકાત લીધી. તેમણે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર તેમજ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અમરેલી દ્વારા આયોજિત '70મી અખિલ ભારતીય શાળાકીય રમતગમત સ્પર્ધા' અંતર્ગત જિલ્લાકક્ષાની કરાટે સ્પર્ધામાં હા...

## સાવરકુંડલામાં આકાર પામશે રૂ. 55 કરોડના ખર્ચે 292 બેડની મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ; 24 કલાક ક્રિટિકલ કેર બ્લોક પણ કાર્યરત બનશે



*સાવરકુંડલામાં આકાર પામશે રૂ. 55 કરોડના ખર્ચે 292 બેડની મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ; 24 કલાક ક્રિટિકલ કેર બ્લોક પણ કાર્યરત બનશે* 0000000 *ખાનગી હોસ્પિટલોને પણ ટક્કર મારે

***2 મહિના પહેલા બળજબરીથી સ્માર્ટ**

તેવી [illegible] થઈ રહ્યું છે* *-આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા* 0000000 *સાવરકુંડલા ખાતે રાજ્ય આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના હસ્તે અધતન હોસ્પિટલના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત સંપન્ન* 0000000 *ઉત્તમ સ્વાસ્થ્યનો મંત્ર: 'ફેમિલી ડોક્ટર'ની જેમ હવે 'ફેમિલી ફાર્મર' વિશે વિચારી પ્રાકૃતિક કૃષિ તરફ વળવું અનિવાર્ય* 0000000 *સાવરકુંડલા-લીલીયા વિસ્...

## અમરેલીમાં ભવ્ય યોગ શિબિર યોજાઈ 700 થી વધુ નાગરિકોએ સામૂહિક યોગાભ્યાસમાં ભાગ લીધો

સમાચાર સંખ્યા 620-47 80મું સ્વાતંત્ર પર્વ – રાજ્યકક્ષાની ઉજવણી 0000000 સાંસદશ્રી ભરત સુતરીયાના અધ્યક્ષ અમરેલી શહેરમાં મહા સફાઈ અભિયાન યોજાયું 000000 "સ્વચ્છતા એ સૌની જવાબદારી"નો સંદેશ આપી જાહેર સ્થળોને સ્વચ્છ રાખવા નાગરિકોને અપીલ 000000 નગરપાલિકાના પ્રમુખશ્રી અને ટીમ નગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ...

## મીટર લગાવાતા હતા ત્યારે પિયુષ પરમાર પ્રજાના પડખે ઊભા રહ્યા હતા, એ મુદ્દે હવે ફરિયાદ દાખલ કરવામાં આવી: પ્રવીણ રામ AAP*



તારીખ: 08/08/2026 *માંગરોળ ધારાસભ્ય અને ખેડૂતો વચ્ચેના વિવાદમાં AAP ખેડૂત નેતા પિયુષ પરમાર પર ખોટી FIR દાખલ* *2 મહિના પહેલા બળજબરીથી સ્માર્ટ મીટર લગાવાતા હતા ત્યારે પિયુષ પરમાર પ્રજાના પડખે ઊભા રહ્યા હતા, એ મુદ્દે હવે ફરિયાદ દાખલ કરવામાં આવી: પ્રવીણ રામ AAP* *અધિકારીઓ બે મહિનાથી કામમાં હતા કે પછી હવે ભાજપના નેતાનો ફોન આવ્યો એટલા માટે ફ...

## વઘેલી પ્રાથમિક શાળામાં બાળમેળો અને લાઇફ સ્કીલ મેળાનું આયોજન

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાની વઘેલી ગ્રુપ પ્રાથમિક શાળામાં ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, રાજપીપળા આયોજિત બાળમેળો અને લાઇફ સ્કીલ મેળાનું...

## ધારી તાલુકાનાં ગોપાલગ્રામ ગામની દીકરીઓનૂં પ્રથમ સ્નેહમિલન "ચાલો સખી મૈયરમાં" અંતર્ગત ગત તા. 3જી ઓગસ્ટ સોમવારનાં રોજ સૂરત ખાતે ભરથાણાનાં રતન ફાર્મ ખાતે યોજાયૂં હતૂં.




સુરત ખાતે ગોપાલગ્રામની દીકરીઓનું સ્નેહ મિલન યોજાયું ગોપાલગ્રામ સહેલી ગૃપનું સુંદર આયોજન ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટ દ્વારા ગામની દીકરીઓનું બહુમાન વર્ષો બાદ મળેલી સખીઓ


AI-compiled from sources. Images credited.

દિવસનો મુખ્ય હેતુ સિંહોના સંરક્ષણ, તેમના કુદરતી આવાસના રક્ષણ અને સિંહોની વસ્તી તથા તેમના અસ્તિત્વ સામેના પડકારો અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો છે. એશિયાટિક સિંહો માટે ગુજરાતનું ગીર વિશ્વભરમાં આગવું સ્થાન ધરાવે છ...

## ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના દિવ્યાંગ બાળકો માટે સર્ટિફિકેટ કેમ્પનું આયોજન

ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના દિવ્યાંગ બાળકો માટે BRC ભવન ઠાસરા ખાતે સર્ટિફિકેટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પનો ઉદ્દેશ્ય દિવ્યાંગ બાળકોને જરૂરી સર્ટિફિકેટ આપવાનો હતો, જે તેમને વિવિધ લાભો મેળવવામાં મદદરૂપ થશે. આ કેમ્પમાં સ્થાનિક સમુદાયના ઘણા બાળકો અને તેમના પરિવારજનો હાજર રહ્યા. સર્ટિફિકેટ મેળવવા માટેની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી...

GANDHINAGAR

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હેન્ડલૂમ ઉત્પાદનોની ખરીદી કરી, નાગરિકોને પ્રોત્સાહન આપ્યું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે 'રાષ્ટ્રીય હાથસાળ દિવસ' નિમિત્તે ગાંધીનગરમાં 'ગરવી ગુર્જરી' ખાતેથી હેન...

## પારડીના દમણી ઝાપા વિસ્તારમાં જુગાર રમતા પાંચ ઈસમો ઝડપાયા

પારડીના દમણી ઝાપા વિસ્તારમાંથી મળેલી બાતમીના આધારે પોલીસે રેડ કરી પાંચ જુગારીઓને ઝડપી પાડ્યા છે. 8 ઓગસ્ટ શનિવારના અઢી કલાકની નોંધાયેલી ફરિયાદ મુજબ, પારડી પોલીસની ટીમ પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી કે...

# ભુજમાં કચ્છ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાની સંયુક્ત બેઠક યોજાઈ

કચ્છ કમલમ ભુજમાં કચ્છ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ભુજ તાલુકા અને ભુજ શહેરની સંયુક્ત બેઠક બોલાવવામાં આવી. આ બેઠકમાં સંગઠન ચર્ચા, સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તેમજ વિકાસ કાર્યો પર ચર્ચા કરવામાં આવી. બેઠકમાં ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી, કચ્છ જિલ્લા ભાજપના ઉપપ્રમુખશ્રી પ્રફુલ્લ સિંહ જાડેજા, જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ શ્રી રવિભાઈ ગરવા, મહામંત્રી કેશવજીભાઇ રોશીયા સહિતના અનેક આગેવાનો અને કાર્યકરો જોડાયા. આ બેઠકમાં જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન...

## નવસારી જિલ્લામાં અતિવૃષ્ટિથી નદીમાં વધારાના પાણીનો પ્રવાહ

નવસારી જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે નદીઓમાં પાણીનો પ્રવાહ નોંધપાત્ર રીતે વધ્યો છે. આ સ્થિતિને કારણે સ્થાનિક વિસ્તારોમાં નુકસાનની ઘટના સામે આવી છે, જે ખેડૂતો અને સ્થાનિક નાગરિકોને અસર કરે છે. વિશેષરૂપે, પુણા નદીમાં પાણીની જળસ્તર વધતા, આસપાસના ગામોમાં પાણી ભરાઈ જવા પામ્યું છે. આ કારણે, લોકોના ઘરો અને...

## અરવલ્લીમાં જિલ્લા ક્રાઇમ કોન્ફરન્સમાં પોલીસ અધિકારીઓની સમીક્ષા

અરવલ્લી જિલ્લામાં પોલીસ અધિક્ષકશ્રીના અધ્યક્ષસ્થાને જુલાઈ માસની જિલ્લા ક્રાઇમ કોન્ફરન્સ યોજાઈ. આ કોન્ફરન્સમાં જિલ્લામાંના તમામ પોલીસ અધિકારીઓએ કાયદો અને વ્યવસ્થા, ગુનાઓની તપાસ, જાહેર સુરક્ષા તેમજ આગામ...

## ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવવાના નામે 300 જેટલા ગરીબ પરિવારોના મકાનો તોડી પાડવામાં આવતા તેઓ 32 દિવસથી ખુલ્લા આકાશ નીચે બેઘર બન્યા

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવવાના નામે 300 જેટલા ગરીબ પરિવારોના મકાનો તોડી પાડવામાં આવતા તેઓ 32 દિવસથ...

AHMEDABAD

## શાહિબાગમાં સુંદરકાંડના પાઠનો આયોજિત કાર્યક્રમ

શાહિબાગ સ્થિત પંચાલ મિલન મંદિર હોલમાં માન. શ્રી રચિતભાઈ પટેલ અને તેમના પરિવાર દ્વારા પરમ પૂજ્ય શ્રી અશ્વિનકુમાર પાઠકના શ્રીમુખે સુંદરકાંડના પાઠનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ભૂતપૂર્વ ગ્રુહ મંત્રી પણ ઉપસ્થિત રહ્યા અને પ્રભુ શ્રીરામ ભક્ત શ્રી હનુમાનજી મહારાજની આરા...

## પૂર્વ પડા પ્રાથમિક શાળાએ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરી

પૂર્વ પડા પ્રાથમિક શાળાએ વિશ્વ સિંહ દિવસની ઉજવણી માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું. આ કાર્યક્રમમાં આસાર્ય શ્રી અર્જુન સિંહ જાદવ ના માર્ગ દર્શન નિસે જેમણે સિંહોના સંરક્ષણ અને જાગૃતિ અંગે મહત્વપૂર...

## મંત્રી પી સી બરંડા દ્વારા એકલવ્ય મોડેલ સ્કૂલની મુલાકાત અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ

આજરોજ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, શામળાજી ની મંત્રી શ્રી પી સી બરંડા સાહેબે મુલાકાત લીધી. તેમણે સ્કૂલના રસોડા (કિચન)નું નિરીક્ષણ કર્યું અને વિદ્યાર્થીઓને ઉપલબ્ધ ભોજનની ગુણવત્તા તેમજ અન્ય સુવિધાઓ અંગે માહિતી મેળવી. મંત્રીએ આ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે આત્મીય સંવાદ કર્યો. તેમણે વિદ્યાર્થીઓના અભ્યા...



AI-compiled from sources. Images credited.